પાઠ
पाठ 24

એક મુલાકાત

ગૌતમ : અજિતભાઈ નમસ્કાર.

અજિતભાઈ : આવો, આવો. ગૌતમભાઈ નમસ્કાર. હું તમારી જ પ્રતીક્ષા કરી રહ્યો છું.

ગૌતમ : મને અહીં પહોંચવામાં થોડું મોડું થઈ ગયું. તમારે પ્રતીક્ષા કરવી પડી, તે માટે માફ કરો.

અજિતભાઈ : ના, ના. કંઈ વધારે મોડું નથી થયું. તમે એના વિશે કંઈ વિચાર કરશો નહીં. તમે પહેલાં ચા પી લો. પછી ચર્ચા કરીશું.

ગૌતમ : આભાર સર. આમ તો હું ઘરેથી ચા પીને જ નીકળ્યો હતો. પહેલાં ચર્ચા કરી લઈએ પછી ચા પી લઈશું.

અજિતભાઈ : સારું જેવી તમારી ઈચ્છા.

ગૌતમ : આપને શ્રેષ્ઠ પાર્શ્વ ગાયકનો પુરસ્કાર મળ્યો. પહેલાં તો તમે આના માટે મારા અભિનંદન સ્વીકારો.

અજિતભાઈ : ધન્યવાદ. આ પુરસ્કાર તો મારા પ્રસંશકોની શુભકામનાઓનું ફળ છે. તેથી અભિનંદનના સાચા હકદાર તો તેઓ જ છે.

एक साक्षात्कार

गौतम : अजित भाई नमस्कार।

अजित भाई : आइए-आइए, गौतम भाई, नमस्कार। मैं आपकी ही प्रतीक्षा कर रहा हूँ।

गौतम : मुझे पहुँचने में थोड़ी सी देरी होगई। आप को प्रतीक्षा करनी पड़ी, इसके लिए क्षमा करे।

अजित भाई : नहीं-नहीं, कुछ अधिक देरी नहीं हुई। आप इसके लिए कुछ विचार नहीं करें। आप पहले चाय पी लीजिए फिर चर्चा करेंगे।

गौतम : धन्यवाद सर। वैसे मैं घर से चाय पीकर ही चला था। पहले चर्चा कर लेते हैं। बाद में चाय पी लेंगे।

अजित भाई : ठीक है। जैसी तुम्हारी इच्छा।

गौतम : आपको श्रेष्ठ पार्श्व गायक का पुरस्कार मिला। पहले तो आप इसके लिए मेरी बधाई स्वीकारें।

अजित भाई : धन्यवाद। यह पुरस्कार तो मेरे प्रशंसकों की शुभकामनाओं का फल है। इसलिए बधाई के वास्तविक हकदार तो वे ही हैं।

ગૌતમ : આપને શ્રેષ્ઠ પાર્શ્વ ગાયક તરીકેનું જે બહુમાન મળ્યું છે તેથી આપ કેવી લાગણી અનુભવી રહ્યા છો?

અજિતભાઈ : ગૌતમભાઈ હું ગદ્‌ગદ્‌ છું. મારું હૈયું લાગણીથી ભરાઈ આવે છે. મારાથી બોલાતું નથી.

(થોડીવાર રહીને)

ગૌતમ : તમે સંગીતકારના આ શ્રેષ્ઠ પદ સુધી કઇ રીતે પહોંચ્યા? તેનું શ્રેય કોને આપો છો? કહેવાય છે કે પ્રત્યેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે.

અજિતભાઈ : તદ્દન સાચું છે. ગાયકી મને વારસા રૂપે મારી માતા પાસેથી મળી છે. તે સવાર સવારમાં સુરીલા અવાજે ભજન ગાતાં ગાતાં ઘરનું કામ કરતી રહેતી હતી. નાનપણથી જ તેમનાં મધુર ભજન સાંભળી સાંભળીને મારામાં સંગીતનું બીજારોપણ થયું.

ગૌતમ : તમારી માતા સિવાય શું અન્ય કોઈનો પ્રભાવ પણ આપની પર પડ્યો છે?

અજિતભાઈ : હા, મારી શાળાનાં સંગીત શિક્ષિકા હંસાબહેનનો મારા પર ઘણો પ્રભાવ પડ્યો. પહેલાં તે પોતે ગાતાં હતાં પછી મારી પાસે ગવડાવતાં હતાં. હંસાબહેને મારા સ્વરોને સંવાર્યા અને સુધાર્યા. જેમ જેમ મારો મહાવરો વધતો ગયો તેમ તેમ મારી ગાયકીમાં સુધાર આવતો ગયો. હંસાબહેને

गौतम : आपको श्रेष्ठ पार्श्व गायक के रूप में जो सम्मान मिला है इस से आप कैसा अनुभव कर रहे हैं?

अजित भाई : गौतम भाई, मैं गद्‌गद हूँ। मेरे हृदय भावनाओं से भर आता है। मुझ से बोला नहीं जाता।

(थोड़ी देर बाद)

गौतम : आप संगीत कार के उस श्रेष्ठ पद तक कैसे पहुँचे? उसका श्रेय आप किसे देते हैं। कहा जाता है कि प्रत्येक सफल पुरुष के पीछे एक स्त्री का हाथ होता है।

अजित भाई : बिलकुल सही है। गायकी मुझे उत्तराधिकार के रूप में आपनी माँ से मिली है। वे सुबह-सुबह सुरीली आवाज में भजन गाती-गाती घर का काम करती रहती थी। बचपन से ही उनके मधुर भजन सुन-सुनकर मुझ में संगीत का बीजारोपण हुआ।

गौतम : आपकी माता के अलावा क्या अन्य किसी का भी प्रभाव आप पर पड़ा है?

अजित भाई : हाँ, मेरी पाठशाला की संगीत शिक्षिका हंसाबेन का मुझ पर बहुत प्रभाव पड़ा। पहले वे खुद गाती थी फिर मुझ से गवाती थीं। हंसा बेन ने मेरे स्वरोंको संवारा और सुधारा। जैसे-जैसे मेरा अभ्यास बढ़ता गया वैसे-वैसे मेरी गायकी में निखार आता गया। हंसा बहन ने शाला में समय-समय पर होने वाले कार्यक्रमों में भी मुझे गानेका अवसर दिया। पहले तो मैं झिझकता था लेकिन

શાળામાં સમય સમય પર થનારા કાર્યક્રમોમાં પણ મને ગાવાનો અવસર આપ્યો. પહેલાં તો હું ખચકાતો હતો પણ ધીરે ધીરે ખચકાટ ઓછો થઈ ગયો. અને ઉત્સાહ વધતો ગયો. મારા શિક્ષકો અને સાથિયોએ પણ મારી ખૂબ સરાહના કરી. તેથી પણ મારો ઉત્સાહ વધ્યો.	धीरे-धीरे हिचक कम होती है और उत्साह बढ़ता गया। मेरे शिक्षकों और साथियों ने भी मेरी खूब सराहना की। इससे भी मेरा उत्साह बढ़ा।
ગૌતમ : સૌ પ્રથમ તમે જાહેરમાં ગીત ક્યારે ગાયું?	**गौतम :** सब से पहले आप जनता के बीच में कब गया?
અજિતભાઈ : મારા વિદ્યાર્થી જીવનથી જ. જ્યારે હું ભણતો હતો ત્યારથી જ શાળાના તથા બહારના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેતો રહેતો હતો. જેવું જ કોઈ નવું ગીત સાંભળતો તેવી જ મને તેની ધૂન યાદ રહી જતી હતી. જો થાડી ખામી રહી પણ જતી તો હંસાબહેન સુધારી દેતાં હતાં.	**अजित भाई :** अपने विद्यार्थी जीवन से ही। मैं पढ़ता था तब से ही पाठशाला के तथा बाहर के सांस्कृतिक कार्यक्रमो में भाग लेता रहता था। जैसे ही मैं कोई नया गीत सुनता वैसे ही मुझे उसकी धुन याद हो जाती थी। यदि थोड़ी कमी रह भी जाती तो हंसाबेन ठीक कर देती थीं।
ગૌતમ : આપે સંગીતની વિધિવત શિક્ષા ક્યાંથી પ્રાપ્ત કરી?	**गौतम :** आपने संगीत की विधिवत् शिक्षा कहाँ से प्राप्त की?
અજિતભાઈ : શાસ્ત્રીય પદ્ધતિસર સંગીત શીખવા માટે મેં અમારા શહેરના સંગીત મહાવિદ્યાલયમાં પ્રવેશ લઈને શિક્ષા પ્રાપ્ત કરી.	**अजित भाई :** शास्त्रीय पद्धति से संगीत सीख ने के लिए मैं ने अपने शहर के संगीत महा-विद्यालय में प्रवेश लेकर शिक्षा प्राप्त की।
ગૌતમ : પાર્શ્વગાયન ક્ષેત્રમાં તમને અવસર ક્યારે અને કેવી રીતે મળ્યો?	**गौतम :** पार्श्व गायन के क्षेत्र में आप को अवसर कब और कैसे मिला?
અજિતભાઈ : અમારી શાળાના વાર્ષિક સમારંભમાં એક વખત તે સમયના પ્રખ્યાત સંગીતકાર શ્રી મનિષ દવેને બોલાવાયા હતા. તે કાર્યક્રમમાં મેં પણ એક ગીત ગાયું હતું. મારો અવાજ તેમને ખૂબ સારો	**अजित भाई :** हमारी शाला के वार्षिक उत्सव में एक बार उस समय के प्रसिद्ध संगीत कार श्री मनीष दवे को बुलाया गया था। उस कार्यक्रम में मैं ने भी एक गीत गाया था। मेरी आवाज उन्हें बहुत अच्छी लगी। उन्होंने मेरी पीठ थप थपा कर सबके सामने मेरी तारीफ़ की। उन्होंने कहा कि

લાગ્યો. તેમણે મારી પીઠ થપથપાવીને બધાંની સામે મારાં વખાણ કર્યાં. તેમણે કહ્યું કે જો તું ઈચ્છે તો મારી સાથે કામ કરી શકે છે. હું તને ઘણા સારા સારા અવસર અપાવીશ. મેં તરતજ હા કહી દીધી અને આ પ્રમાણે મને શ્રી મનિષ દવેનું સંરક્ષણ મળી ગયું. મને જેમ જેમ તક મળતી ગઈ તેમ તેમ મારી ગાયકીમાં સુધારો થતો ગયો. આ પ્રમાણે ધીરે ધીરે હું આગળ વધતો રહ્યો. મને આ મુકામ સુધી પહોંચાડવામાં શ્રી મનિષ દવેનું ખૂબ યોગદાન છે. તેમણે પોતાના સંગીત નિર્દેશનમાં મારી પાસેથી કેટલાંય ગીતો ગવડાવ્યાં.

यदि तुम चाहो तो मेरे साथ काम कर सकते हो। मैं तुम्हें कई अच्छे-अच्छे अवसर दिलवाऊँगा। मैंने तत्काल हाँ कह दी और इस प्रकार मुझे श्री मनीष दवे का संरक्षण मिल गया। मुझे जैसे-जैसे अवसर मिलता गया वैसे-वैसे मेरी गायकी में सुधार होता गया। इस प्रकार धीरे-धीरे मैं आगे बढ़ता रहा। मुझे इस मुकाम तक पहुँचाने में मीनष दवेजी का बहुत योगदान है। उन्होंने अपने संगीत निर्देशन में मुझ से कई गीत गवाए।

ગૌતમ : હાલના પ્રચલિત સંગીત વિશે તમારો શો ખ્યાલ છે?

गौतम : आज कल के प्रचलित संगीत के बारे में आप का क्या खयाल है।

અજિતભાઈ : તમે પૂછો છો તો કહ્યા વગર રહી શકતો નથી કે સંગીત સંગીત જ હોય છે. જે સંગીતકાર સાંભળનારના હૃદય સુધી પહોંચે છે, તે જ સફળ થાય છે. જે સંગીતકાર જમાનાની માગ મુજબ આગળ વધતો રહે છે. તેને જ સફળતા મળે છે. પછી ભલે તે સંગીત ભારતીય હોય કે પાશ્ચાત્ય.

अजित भाई : आप पूछ ते हो तो कहे बिना नहीं रह सकता कि संगीत-संगीत ही होता है। जो संगीतकार सुनने वाले के हृदय तक पहुँचता है बह ही सफल होता है। जो संगीतकार जमाने की माँग के अनुसार आगे बढ़ता रहता है उसे ही सफलता मिलती है। फिर वह चाहे संगीत भारतीय हो या प्राश्चात्य।

ગૌતમ : શું તમારાં ગાયેલાં ગીતો તમે પોતે પણ સાંભળો છો?

गौतम : क्या अपने गाए हुए गीत आप खुद भी सुनते हैं?

અજિતભાઈ : ના, કદી નહીં. કારણ કે મને તેમાંથી ક્ષતિઓ જણાય છે. અને તેનાથી આનંદ થવાને બદલે દુઃખ થયા કરે છે.

अजित भाई : नहीं, कभी नहीं। क्यों कि मुझे उन में कई कमियाँ महसूस होती हैं। और उससे आनंद होने के बदले दुःख होता है।

ગૌતમ : ઉગતા પાર્શ્વગાયકો વિશે તમારો શો મત છે?

અજિતભાઈ : દરેક વ્યક્તિને પોતાની આગવી પ્રતિભા હોય છે. જો સતત નવીનતા લાવવાનું ધ્યેય રાખીએ તો આગળ વધી શકાય છે. જેમ જેમ મેં જુદી જુદી ભાષાનાં ગીતો ગાયાં તેમ તેમ મારું ક્ષેત્ર વિશાળ થતું જાય છે. આજના ઊગતા સંગીતકારો પાસે ખૂબ જ આશા છે.

ગૌતમ : આ ક્ષેત્રમાં ક્યાં સુધી રહેશો?

અજિતભાઈ : જ્યાં સુધી કંઠ અને શરીર સાથ આપતું રહેશે તથા જ્યાં સુધી મારા પ્રસંશકો મને સાંભળવાનું પસંદ કરતા રહેશે.

ગૌતમ : શું આજે પણ તમે ગાવાનો નિયમિત અભ્યાસ કરે છે?

અજિતભાઈ : હા, હું દરરોજ સવારે મારો સંગીત અભ્યાસ નિયમિત રૂપથી કરું છું.

ગૌતમ : નવા સંગીતકારો માટે શું આપ કોઈ સંદેશ આપવા માગો છો.

અજિતભાઈ : તેમના માટે મારે કહેવું છે કે નીત નવા નવા પ્રયોગ કરતા રહેવું જોઈએ તથા નિયમિત અભ્યાસ પણ કરતા રહેવું જોઈએ.

ગૌતમ : આભાર. તમે તમારો અમૂલ્ય સમય મને આપ્યો. એના માટે હું તમારો આભાર માનું છું.

गौतम : उभरते पार्श्वगायकों के बारे में आप की क्या राय है?

अजित भाई : हरेक व्यक्ति की अपनी निराली प्रतिभा होती है। हम यदि सतत नवीनता लाने का ध्येय रखें तो आगे बढ़ा जा सकता है। जैसे-जैसे मैंने भिन्न-भिन्न भाषाओं के गीत गाता गए वैसे-वैसे मेरा क्षेत्र विशाल होता जाता है। आज के उभरते संगीतकरों से हमें बहुत आशाएँ हैं।

गौतम : आप इस क्षेत्र में कब तक रहेंगे?

अजित भाई : जब तक कंठ और शरीर साथ देता रहेगा तथा जब तक मेरे प्रशंसक मुझे सुनना पसंद करते रहेंगे।

गौतम : क्या आप आज भी गाने का नियमित अभ्यास करते हैं?

अजित भाई : हाँ। मैं प्रतिदिन प्रातः मेरा संगीत-अभ्यास नियमित रूप से करता हूँ।

गौतम : नये संगीतकारों के लिए आप कोई संदेश देना चाहेंगे।

अजित भाई : उनके लिए मुझे यही कहना है कि उन्हें नित्य नये-नये प्रयोग करते रहना चाहिए तथा नियमित अभ्यास भी करते रहना चाहिए।

गौतम : धन्यवाद। आपने अपना अमूल्य समय मुझे दिया। इस के लिए मैं आपका आभारी हूँ।

અજિતભાઈ : આભાર તો મારે કહેવો જોઈએ. પરંતુ હવે આભારની ઔપચારિકતાથી બહાર નીકળી અને ચા નાસ્તો કરી લે.

अजित भाई : धन्यवाद तो मुझे कहना चाहिए। लेकिन अब हम धन्यवाद की औपचारिकता से बाहर निकलें और चाय नाश्ता कर लें।

શબ્દાર્થ

ગુજરાતી શબ્દ	हिंदी अर्थ
શ્રેષ્ઠ	उत्तम
અભિનંદન	बधाई
સાંભળવું	सुनना
રસ લેવો	दिलचश्पी लेना
લાગણી	भावना
વારસો	उत्तराधिकार
ફાળો	हिस्सा
જાહેરમાં	जनता के बीच
પ્રથમ	पहले
ભણવું	पढ़ना
નવું	नया
થવું	बनना
પદ્ધતિસર	शास्त्रीय
સંગીત મહાવિદ્યાલય	संगीत महाविद्यालय
ઓળખાણ	पहचान
કંઠ	आवज
નિર્દેશન હેઠળ	निर्देशन में
વધતો	बढ़ता
ખ્યાલ	खयाल
સાંભળનાર	सुननेवाला
સફળ	सफल
ક્ષતિઓ	कमियाँ
વિશાળ	विशाल
સ્વીકારશે	स्वीकार करेंगे
ઉગતા	उभरते
આગવી	निराली
જુદી જુદી	भिन्न-भिन्न

ગવાય गाया-जाए
કલાકાર कलाकार

અભ્યાસ

I રેખાંકિત શબ્દોના સ્થાનપર આપેલા પ્રત્યેક શબ્દનો ઉપયોગ કરીને દરેક માટે એક વાક્ય બનાવો.

1.

1) તે ભજન ગાતાં ગાતાં ઘરનું કામ કરતી.
(સાંભળતાં સાંભવતાં, બોલતાં બોતતાં, ગણગણતા ગણગણતા)
2) મારાં ગાયેલાં ગીતો સાંભળવાથી તેમાંની ક્ષતિઓને કારણે દુઃખ થયા કરે છે. (રહ્યા કરે છે, મળ્યા કરે છે, લાગ્યા કરે છે)
3) નાનપણથી મારામાં સંગીત પ્રત્યેના બીજ રોપાયાં.
(વવાયાં, જણાયાં, દેખાયાં)
4) મારી શાળાના શિક્ષિકા હંસાબહેન મારી પાસે ગીત ગવડાવતાં.
(બોલાવડાવતાં, વંચાવડાવતાં, લખાવડાવતાં)
5) મારો કંઠ તેમને ગમી ગયો. (પસંદ પડી ગયો, રૂચિ ગયો, ફાવી ગયો)

II કૌંસમાં આપેલા શબ્દો પૈકીનો ઉપયુક્ત શબ્દ પસંદ કરી વાક્યોની પૂર્તિ કરો.
(શરૂ શરૂ, ગાતાં ગાતાં, સાંભળી સાંભળીને, રહી જતી, ગમી ગયો)

1) નાનપણથી જ માનાં ભજનો ______ ને સંગીત પ્રત્યેનાં બીજ રોપાઈ ગયાં.
2) ______ માં મારાથી ગવાતું નહીં પછી ફાવી ગયું.
3) મા સુંદર અવાજે ભજનો ________ કામ કરતી.
4) કોઈપણ નવું ગીત સાંભળતો તો મને તેની ધૂન યાદ ______.
5) થોડાક યુવક યુવતીઓને ______ કરી શકું તો મારું જીવ્યું સાર્થક બની જાય.

III કૌંસમાં આપેલા શબ્દો પૈકી શબ્દ વાપરીને વાક્યોની પૂર્તિ કરો.

1. (કે, પણ, ત્યારે, તો, તેથી)

1) આપનું બહુમાન થયું ________.
2) કહેવાય છે__________.
3) હું તે માટે યોગ્ય છું કે નહીં _________.
4) મારો કંઠ તેમને ગમી ગયો ________.
5) થોડાક યુવક યુવતીઓને ગાતાં કરી શકું ________.

IV ઉદાહરણ પ્રમાણે નીચે આપેલાં વાક્યો બદલો.

ઉદાહરણ : તે ભજનો ગાતી હતી.
ઘરનું કામ કરતી હતી.
તે ભજનો ગાતાં ગાતાં કામ કરતી હતી.

1) તે ફરતી હતી.
ફરીને પ્રદક્ષિણા કરતી હતી.
2) અજિત ગીત ગાતો હતો.
તેને ગીત ગાતાં ફાવી ગયું.
3) હું કામ કરતો હતો.
કામ કરતાં આગળ વધ્યો.
4) હું ચોપડી વાંચતી હતી.
ચોપડી વાંચતાં સુઈ ગઈ.
5) જિજ્ઞા રસ્તો ઓળંગતી હતી.
ઓળંગતાં મોટર સાથે ભટકાઈ ગઈ.

V કૌંસમાં આપેલા યોગ્ય શબ્દોનો ઉપયોગ કરીને ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.

(બોલી, ખર્ચ, શિખામણ, બનાવટ, બોલનાર, સાંભળનાર, લડાઈ, ચળકાટ, ગવૈયો, કરણી, ભરણી, સાહિત્યકાર, દવાખાનામાંથી, પ્રતિદિન)

1) અરવિંદભાઈ _______ આવ્યા પછી આજે પહેલીવાર બહાર ગયા.
2) શિક્ષણનું સ્તર દિન_______ નીચે ઉતરતું જાય છે.
3) મનુષ્યની_______ તેવી _______ એ ઈશ્વરી ન્યાય છે.
4) આ ______ પેલા કરતાં સારું ગાય છે.
5) આજકાલ ચારેબાજુ ______ નું વાતાવરણ જોવા મળે છે.
6) લોકો આજે ખોટા _______ ને વધુ મહત્ત્વ આપે છે.
7) શેઠની ______ ઝાંપા સુધી, પછી સૌને ફાવે તેમ કરે.
8) આજકાલના મોટા મોટા વેપારીઓ પણ હવે _______ કરતા થઈ ગયા છે.
9) પગાર કરતાં વધું _______ કરનારા વધુ દુ:ખી થાય છે.
10) હંમેશા કરતાં ________ વધારે સમજુ ગણાય છે.
11) બાર ગાઉએ _______ બદવાય, તરુવર બદલે શાખા.
12) ઉમાશંકર એક સમય ________ હતા.

VI ઉદાહરણ પ્રમાણે આપેલાં ક્રિયાપદોનાં યોગ્ય રૂપોનો ઉપયોગ કરી વાક્યો પૂરાં કરો.

1. ઉદાહરણ : હું ગીત ગાઉં છું.
   હું છોકરાઓ પાસે ગીત ગવડાવડાવું છું.
   1) હું પ્રાર્થના કરું છું.
   2) હું ચિત્ર બનાવું છું.
   3) હું ચોપડી વાંચું છું.
   4) હું સરસ્વતી દેવીની પૂજા કરું છું.
   5) હું પૂજા માટે ફૂલ વીણું છું.
   6) હું ગાંધીજી વિશે નિબંધ લખું છું.

2. ઉદાહરણ : મેં વાંચી લીધું છે.
   મારાથી વાંચી લેવાયું છે.
   1) તેણે પોતાનું કામ શરૂ કર્યું છે.
   2) અમે પરીક્ષા પાસ કરી છે.
   3) પરીક્ષામાં પ્રોફેસરે સામાન્ય વિકલ્પો આપ્યા.
   4) બા સવારમાં ભજનો ગાતી હતી.
   5) દેસાઈ સાહેબ રાજ્યપાલની મંજૂરી મંગાવી લેશે.
   6) કૌશલે સવારથી કંઈ ખાધું નથી.
   7) સમિતિએ અજિતને શ્રેષ્ઠ ગીતકારનો પુરસ્કાર આપ્યો.

3. ઉદાહરણ : તેણે કપડાં ધોયાં હશે.
   તેણે કપડાં ધોઈ લીધાં હશે.
   1) તુલસીએ સમયસર ગૃહકાર્ય કર્યું છે.
   2) રાધાએ ચોપડી વાંચી હશે.
   3) મહેશે પાઠ લખ્યો હશે.
   4) તૃપ્તીએ વાર્તા વાંચી હશે.
   5) બાએ મારું નવું ગીત સાંભળ્યું હશે.
   6) દિનેશને સોંપેલું કામ તેણે કર્યું હશે.

VII નીચેના બે વિભાગનાં વાક્યાંશોને યોગ્ય રીતે જોડો.

1)	નવીનતા લાવવાનું ધ્યેય હોય	- વાંચી લીધું છે.
2)	એક વખત શરૂ કરશું પછી	- ગવાતું નહીં પછી ફાવી ગયું.
3)	આટલું જીવન પૈસા	- તે તમારી દીકરીને ખવડાવીશ.
4)	તું કહ્યા કરતી હતી	- તો છોકરાઓ હડતાલ ઉપર ઉતરી પડ્યા.
5)	આ પુસ્તક મેં	- કે રજા લેતા નથી.

6) શરૂ શરૂમાં મારાથી - કમાવવામાં વિતાવ્યું.
7) મને જે મળશે - તો આગળ આવી શકાય.
8) રસ્તો ઓળંગતી વખતે - પૈસા મળી રહેશે.
9) સામાન્ય વિકલ્પ ન આપ્યો - અરૂણા મોટર સાથે ભટકાઈ ગઈ.

VIII કૌંસમાં આપેલા યોગ્ય શબ્દોનાં યોગ્ય રૂપોનો ઉપયોગ કરી વાક્યો પૂરાં કરો.

1) તેણે કચરો _____ હશે. (કાઢવું, લેવું)
2) અરૂણા મોટર સાથે _______ . (ભટકાવું, જવું)
3) આપણી જરૂરિયાત પ્રમાણેનું ઘર હોય તો ______ . (જોવું, લેવું)
4) થોડાક યુવક યુવતીઓને ગાતાં કરી શકું તો મારું જીવન સાર્થક ________. (બનવું, જવું)
5) આ પુસ્તક વાંચવું હોય તો _______ પડશે. (લેવું, જવું)
6) મેં પણ ઘરની જંજાળ ______ છે. (મૂકવું, દેવું)
7) હું રાજ્યપાલની મંજૂરી _______ . (માગવું, લેવું)
8) છોકરાઓ હડતાલ ઉપર _______. (ઉતરવું, પડવું)
9) નવ દંપતિને અભિનંદન _________ . (આપવું, જવું)
10) તેમના નિર્દેશન હેઠળ કામ _______. (આવવું, આપવું)
11) જે ભણે નહીં તેને ______ . (મારવું, પડવું)
12) કામવાળીએ કામ _______ હશે. (કરવું, લેવું)

IX કૌંસમાં આપેલા હિન્દી શબ્દોના સમાનાર્થક ગુજરાતી શબ્દોનો ઉપયોગ કરી વાક્યો પૂરાં કરો.

1) તે કામ______ હું આગળ વધ્યો. (करते करते)
2) નાનપણથી જ મારામાં સંગીતના બીજ ______ હતાં. (रोपित हुए)
3) સાંભળેલાં ગીતની ધૂન મને યાદ ______ . (रह जाती)
4) મારાં શિક્ષિકાબહેન મારી પાસે ગીત _____. (गवातीं)
5) આપનું બહુમાન થયું ______ કેવું અનુભવો છો. (उससे)
6) લાગણીને લીધે મારાથી ______ નથી. (बोलाजाता)
7) આ ક્ષેત્રમાં તમને પ્રવેશ ક્યારે _____ કેવી રીતે મળ્યો. (और)
8) કેમકે મને તેમાં _____ દેખાય છે. (कमियाँ)

વાંચો અને સમજો

ગુજરાતની વસ્ત્રકલા

જેમ સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ વગેરે કલાઓ છે. તેમ કાપડ વણવું, કાંતવું, છાપવું, ભરત ભરવું એ પણ સુંદર કલા છે. ગુજરાત આ કલા માટે

દેશવિદેશમાં પ્રસિદ્ધ છે. ગુજરાતનું સુતરાઉ કાપડ પણ વખણાય છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં હાથ વડે બાંધીને કાપડ રંગવાની એક અદ્‌ભૂત કળા છે, જે કાપડ ‘બાંધણી’ને નામે પ્રસિદ્ધ છે. દેશ પરદેશમાં બાંધણીની સાડીઓ, ચાદર, ડ્રેસનાં કાપડ અને સુશોભનની વસ્તુઓ પ્રચલિત છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં આવેલું પાટણ શહેર તેનાં ‘પટોળાં’ માટે જાણીતું છે. પટોળું બનાવવા માટે રેશમના તારને હાથે રંગીને ભાતપાડી હાથશાળા ઉપર વણવામાં આવે છે. હાથે બનાવેલા આ પટોળા ખૂબ જ સુંદર લાગે છે. પટોળા બનાવનાર જૂજ કલાકાર છે. પટોળાને ‘પાટણનું પટોળું’ એ નામથી પણ ઓળખવામાં આવે છે. ગુજરાતમાં આવેલા કચ્છ પ્રદેશનું ભરતકામ પણ ખૂબ વખણાય છે. વિદેશથી આવતાં પ્રવાસીઓ આ ભરતકામથી ખૂબ આકર્ષાય છે. ભરતકામની અનેક વસ્તુઓ કચ્છની બહેનો બનાવે છે. જેમાં ભરત ભરેલી સાડી, ચાદર, થેલી, પાકીટ, ઈંઢોણી, હાથપટ્ટો, કમરબંધ, ચણિયા-ચોળી, કેડિયા અને આ ઉપરાંત ઘર સુશોભનની અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે. ભરતકામમાં લાલ, લીલો અને પીળા રંગનું ખૂબ જ મહત્ત્વ છે. તેમાં કીડીયામોતી, આભલાં અને પથ્થરીયા મોતીનું પણ વિશેષ મહત્ત્વ છે. કચ્છમાં આ બધી વસ્તુઓનો ઉપયોગ કરીને અદ્‌ભૂત અને સુંદર સુંદર વસ્તુઓ બનાવવામાં આવે છે. જે શોખીન લોકો હોંશે હોંશે ખરીદે છે. કચ્છની બહેનો આવી રીતે ગૃહઉદ્યોગ ચલાવીને જીવન નિર્વાહ કરે છે.

પટોળા અને બાંધણીની સાડીઓ બહેનો લગ્નમાં પણ પહેરે છે. કચ્છી ભરતભરેલી ચણિયાચોળી પહેરી ગુજરાતની ગોરી ગરબે ઘૂમે છે. નવરાત્રિના ગરબા વખતે રાત્રિના અંધકારમાં આભલા અને મોતીવાળી ચણિયાચોળી ઝગારા મારે છે. જેનાથી ગોરી તો શોભે છે પણ ગરબા પણ સુંદર દેખાય છે. છોકરાઓ પણ હવે તો ભરત ભરેલાં કેડિયાં પહેરીને ગરબે ઝૂમે છે. આવી રીતે ગુજરાતની હસ્તકલાનો ખૂબ વિકાસ થયો છે. ગુજરાતના લોકોથી માંડીને સમગ્ર ભારત તથા દેશવિદેશમાં પણ તેનું આગવું મહત્ત્વ છે.

આમ, ગુજરાતનાં પટોળા, બાંધણી, કચ્છી ભરતકામ ઘણાં પ્રસિદ્ધ છે. તે અનેક સ્ત્રીઓને અને લોકોનાં ઘરોને સુંદર અને આકર્ષક બનાવે છે. આ બધું બનાવનારા કારીગરોને આના દ્વારા રોજગારી મળે છે.

શબ્દાર્થ

ગુજરાતી શબ્દ	**हिंदी अर्थ**
કલા	कला
વણવું	बुनना
છાપવું	छपाई करना
સૌરાષ્ટ્ર	सौराष्ट्र (गुजरात के एक प्रदेश का नाम)
અદ્‌ભૂત	अद्‌भूत

બાંધણી	बंघेज (वस्त्र का नाम)
ચાદર	चादर
સુશોભન	सुशोभन
પાટણ	पाटना (एक शहर का नाम)
પટોળાં	रेशम की साड़ी का नाम जो पाटना में बनती है।
ભાત	डिसाईन
હાથશાળા	हाथशाला (करधा)
જૂજ	बहुत कम
કચ્છ	कच्छ (गुजरात के एक प्रदेश का नाम)
પાકીટ	पर्स
ઈંઢોણી	इढ़ोजी (मस्तक पर वजन उठाने के लिए रखी जानेवाली बेठकी)
સુતરાઉ કાપડ	सूती कपड़ा
હાથપટ્ટો	हाथ पे पहनने का चदरा
કમરબંધ	कमर पर पहनने का पटद्दा
કીડીયામોતી	एक प्रकार की मोती
આભલાં	छोटे काँच लगाकर बना हुआ वस्त्र
પથ્થરીયા મોતી	एक प्रकार के पत्थर की मोती
શોખીન	शौकिन
હોંશે હોંશે	खुशी-खुशी
જીવન નિર્વાહ	जीवन निर्वाह
ગુજરાન	गुजरान
ગોરી	लड़की/युवती
અંધકાર	अंधकार
ઝગારા મારે છે.	चमचमाती है।

અભ્યાસ

I ફકરાને આધારે નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

1) બાંધણી ક્યાં બને છે? કેવી રીતે?
2) પાટણ શાને માટે જાણીતું છે?
3) પટોળાં કેવાં હોય છે? કેવી રીતે વણવામાં આવે છે?
4) ભરતકામ ક્યાંનું વખણાય છે?
5) યુવક તથા યુવતીઓ ગરબામાં શું પહેરી ઘૂમે છે?
6) ચણિયાચોળી તથા કેડિયાં કેવાં હોય છે?
7) વિદેશી પ્રવાસીઓ શાથી આકર્ષાય છે?

II નીચેના શબ્દસમૂહમાંથી એવો શબ્દ શોધો જે બંધ બેસતો ન હોય.

1. 1) વણવું, કાંતવું, છાપવું, ભરવું, બાંધવું, જૂજ.
   2) અમદાવાદ, સંગીત, કચ્છ, પાટણ, વડોદરા.
   3) બાંધણી, ચણિયાચોળી, રાસ, પટોળું, સાડી.
   4) મિલમાં વણેલું, હાથે છાપેલું, હાથે ભરેલું, હાથે વણેલું, સાડી.

2. 1) પાટણનાં ______ જાણીતાં છે.
   2) કચ્છનું _______ જાણીતું છે.
   3) સૌરાષ્ટ્રની ______ જાણીતી છે.

III હિન્દીમાં અનુવાદ કરો.

આધુનિક ભારતીય ભાષામાં વિવિધ સાહિત્ય સ્વરૂપો જોવા મળે છે. જેમ કે નવલકથા, કવિતા, ટૂંકીવાર્તા, નિબંધ, આત્મકથા, સોનેટ, ગઝલ, સંસ્મરણ વગેરે. ગુજરાતી ભાષામાં પણ બધાં જ સાહિત્ય સ્વરૂપો જોવા મળે છે. આ બધાં જ આધુનિક સાહિત્ય સ્વરૂપો છે. મધ્યકાલિન ગુજરાતી સાહિત્યમાં રાસ, રાસો, પ્રબંધ, ફાગુ, ગરબો, ગરબી, પદ્યવાર્તા, પદ, છપ્પા, આખ્યાન, દુહા-છંદ, બારમાસા-બારમાસી જેવાં અનેક સાહિત્ય સ્વરૂપો હતાં.

મધ્યકાલિન ગુજરાતી સાહિત્યના કેન્દ્રમાં ધર્મ છે. તે સમયના દરેક સ્વરૂપમાં પરલક્ષીતા જેવા મળે છે. મધ્યકાલિન ગુજરાતી સાહિત્યમાં આખ્યાન એક ઉત્તમ સાહિત્ય સ્વરૂપ છે. આખ્યાન એ છંદ, અલંકાર અને નવરસથી ભરપૂર હોય છે. આખ્યાન કડવા બધ્ધ હોય છે. તેમાં પૌરાણિક પાત્રો કે પ્રસંગને લઈને તેને વિકસાવામાં આવે છે. આખ્યાન એ સમૂહભોગ્ય કળા છે. તે સંગીત સાથે અભિનય કરીને આખ્યાનકાર લોકમનોરંજન કરાવે છે. મધ્યકાલિન ગુજરાતી સાહિત્યમાં આખ્યાનના શિરોમણી કવિશ્રી પ્રેમાનંદે ઘણાં આખ્યાન રચ્યાં છે. તે સમયનું બીજું અગત્યનું સ્વરૂપ છે પદ્યવાર્તા. પદ્યવાર્તામાં અદ્ભૂત રસ, વીરરસ, કરુણરસ, શાંતરસ વગેરે જેવા રસો તથા ચમત્કારો જેવા મળે છે. પદ્યવાર્તાનું કથાવસ્તુ કોઈ રાજા-રાણી કે કોઈ શૂરવીરની શૌર્ય ગાથા વર્ણવામાં આવેલી હોય છે. શામળની પદ્યવાર્તાઓ ખૂબ લોકપ્રિય છે.

આ ઉપરાંત એક શૃંગાર રસને વર્ણવતું સ્વરૂપ છે ફાગુ. તે સમયના લોકો ફા ગણ મહિનામાં એક ઉત્સવ ઉજવાતો તે હોળી. તે સમયે લોકો આ સ્વરૂપનાં ગીતોનો ઉપયોગ કરતાં. અન્ય સ્વરૂપોમાં બારમાસા અને બારમાસી જે વર્ષના બારેય મહિનામાં આવનારા તહેવારોને વર્ણવતા ગીતોનો સમાવેશ થાય છે. આ સિવાય તેમાં વિરહનો પણ ક્યારેક સમાવેશ થાય છે.

મધ્યકાલિન પદો અત્યારે પણ એટલાં જ પ્રચલિત છે જેટલાં તે સમયે હતાં. પદોમાં નરસિંહ મહેતાની તોલે કોઈ જ આવી શકે નહીં. તેમનાં પદોને સાંભળવા તે આજે પણ એક અનેરો આનંદ છે. તેમનાં પદો આજે પણ

ગુજરાતના ગામડે ગામડે ગુંજે છે. નરસિંહ મહેતા આદિકવિ છે. તેમના પદો આવનારી પેઢી માટે પણ તેટલાં જ મધુર રહેશે જેટલાં તે આપણને હમણાં લાગે છે. મધ્યકાલિન ગુજરાતી સાહિત્યમાં ગરબા-ગરબીનું પણ એક વિશેષ મહત્ત્વ છે. જેનો ઉપયોગ અત્યારે પણ નવરાત્રિના સમયે લોકો ગરબા રમવા કરે છે. દયારામની ગરબીઓ અને દાસી જીવણના ગરબા ખૂબ જ લોકપ્રિય છે. આ ઉપરાંત અખાના છપ્પા, ભોજાભગતના ચાબખા તથા દુહા-છંદ પણ મધ્યકાલિન યુગમાં ખૂબ જ પ્રચલિત સાહિત્ય સ્વરૂપો હતાં.

આમ, મધ્યકાલિન ગુજરાતી સાહિત્ય આધુનિક ગુજરાતી સાહિત્ય કરતાં જુદું જ જોવા મળે છે. મધ્યકાલિન સાહિત્ય ફક્ત પદ્યમાં છે જ્યારે આધુનિક સાહિત્ય ગદ્ય-પદ્ય બંનેમાં રચાય છે. વિષયની દૃષ્ટિએ પણ બંનેમાં તફાવત છે. મધ્યકાલિન સાહિત્ય તે યુગમાં તો લોકપ્રિય હતું જ પણ આજે પણ તેનાં સ્વરૂપને પસંદ કરનારા ઘણા છે.

IV ગુજરાતીમાં અનુવાદ કરી યોગ્ય શીર્ષક આપો.

संगीत के क्षेत्र में कई श्रेष्ठ नाम गिनाए जा सकते हैं। लता मंगेशकर का नाम उन सब से ऊपर गिना जाता है। विशेषकर गायकी के क्षेत्र में आज उनका नाम समूचा विश्व जानता है। पार्श्व गायिका के रूप में उन्हेंने बहुत नाम कमाया है। लता जी ने यह नाम बहुत परिश्रम से कमाया। बचपन से ही गायकी का अभ्यास करते-करते लता जी की सिद्ध गायिका बन सकी हैं। जिस प्रकार एक पौधा धीरे-धीरे वृक्ष बनता है वैसे ही लता जी ने भी गाने का अभ्यास करते-करते अपने यश रूपी वृक्ष बड़ा किया। यदि वे नियमित अभ्यास नहीं करती तो उन्हें आज इतनी ख्याति नहीं मिलती जितनी उन्हें मिल रही है।

उन्होंने एक साक्षातकार में बताया था कि, "मैं एक गीत को बार-बार, गा-गा कर उसे तैयार करती हूँ। जब तक मुझे पूर्ण संतुष्टि हो जाए तब तक मैं उसे गाती रहती हूँ। कई बार मैं अपना गाया हुआ गीत बार-बार, सुन-सुन कर तथा दूसरों को सुना-सुनाकर उसे पूरा करती हूँ। यद्यपि इस में मुझे बहुत श्रम करना पड़ता है तथापि मुझे ऐसा करने में बहुत आनंद आता है। एक बहुत अद्भुत संतुष्टि मिलती है।"

लता जी के गीत गा-गा कर कई लोग संतुष्टि एवं आनंद का अनुभव करते हैं। उनकी बहन आशा भोंसले भी महान पार्श्व गायिका हैं।

ईश्वर करे वे चिरायु हों और हम उनसे नित्य नये-नये गीत सुनकर आनंदका अनुभव करते रहें।

V તમારા પ્રદેશના જાણીતા કલાકાર વિશે માહિતી આપતો એક ફકરો ગુજરાતીમાં લખો.